નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત

સાફલ્યગાથા તા.૦૨/૧૧/૨૦૨૦ થી ૦૮/૧૧/૨૦૨૦

| વિક દરમ્યાન કરેલ સારી કામગીરની માસમાં નવસારી પોલીસે કરેલ સારી કામગીરીસાફલ્યગાથા)ની વિગત. | | |
|---|---|---|
| કચેરી/ શાખા | કચેરી કામગીરીની વિગત | |
| દ્વારા પેરોલ-ફર્લો | પોલીસ ગાંધીનગર દ્વારા પેરોલ-ફર્લો, વચગાળાના જામીન, પોલીસ જાપ્તામાંથી તેમજ જેલ ફરારી કેદીઓ-આરોપીઓને પકડી પાડવા સ્પેશ્યલ ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ.<br>૨/- ઉકત બાબતે નવસારી જિલ્લામાં સને : ૨૦૧૨માં નવસારી ટાઉન પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૦૫/૨૦૧૨ આઇપીસી કલમ ૩૭૬, ૩૦૨, ૨૦૧ વિગેરે મુજબના ગુનામાં લાજપોર મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી નં. ૭૫૨ તરીકે આજીવન કેદની સજા હેઠળના આરોપી સંદીપભાઈ અશોકભાઈ વેતાળ રહે. રામનગર -૧, જયશકિત નગર જલાલપોર જી.નવસારી મૂળ રહે. પારનેર જી.અહમદનગર મહારાષ્ટ્રનાઓ તા.૧૯/૦૬/૨૦૧૪ના રોજ લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતેથી દિન- ૧૫ની રજા લઇ રજા ઉપર આવેલ, અને પેરોલ રજા પરથી તા.૦૫/૦૭/૨૦૧૪ના રોજ હાજર થવાનુ હતુ, પરંતુ આરોપી રજા ઉપરથી હાજર ન થતાં આજદિન સુધી નાસતો ફરતો હતો.<br>૨/- ઉપરોકત આરોપીને પકડી પાડવા શ્રી ઋષિકેશ ઉપાધ્યાય, પોલીસ અધિક્ષકશ્રી, નવસારીનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી વી.એસ.પલાસ અને પેરોલ ફર્લો સ્કોડ તથા એલ.સી.બી. પોલીસના માણસોની ટીમોને કામગીરી સોપવામાં આવેલ.<br>૩/- દરમ્યાન એલ.સી.બી. પોલીસ અને પેરોલ સ્કોડને સયુંકત રીતે મળેલ હકીકત આધારે મીરાગાંવ મહારાષ્ટ્ર ખાતેથી તા. ૨૨/૧૦/૨૦૨૦ના રોજ કલાક ૨૨/૦૦ વાગે ડિટેઇન કરી કાશીમીરાં પો.સ્ટે. ખાતે કલાક ૨૩/૦૦ વાગે નોંધ કરાવી અત્રે લઇ આવી આગળની વધુ કાર્યવાહી અર્થે નવસારી ટાઉન પો.સ્ટે.ને સોપવામાં આવેલ. |  |



# નવસારી જીલ્લા પોલીસ

**સેવા - સુરક્ષા - શાંતિ**

## લાયસન્સ વગર અનઅધિકૃત રીતે પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી ચલાવતા ઈસમને પકડતી એસ ઓ.જી. નવસારી



નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા સાહેબ નાઓએ અનઅધિકૃત રીતે પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી વિરૂધ્ધ કાર્યવાહી કરવા નવસારી એસ,ઓ,જી પોલીસ ઈન્સ્પેકટરશ્રી કે.જી.લીંબાચીયા નાઓએ જરૂરી માર્ગદશન આપેલ હોય જે આધારે

૨/- તા.૨૭/૧૦/૨૦૨૦ ના રોજ મળેલ બાતમી આધારે એસ.ઓ.જી ટીમ નવસારી નાઓ ગણદેવી પો.સ્ટે. વિસ્તારમાં મોજે. ઈરકોન ઈન્ટરનેશનલ લિમિટેડ કેપની, ખાતે સિક્યુરીટી ગાર્ડ ચેક કરતાં સીક્યુરીટી ગાર્ડ કવિશા સીક્યુરીટી ના સીમ્બોલવાળો તથા **KSGS** ના બેઝવાળા યુનિફોર્મ સાથે મળી આવતા કવીશા સીક્યુરીટી ગાર્ડમાં સર્વિસીસમાં નોકરી કરતાં હોવાનું જણાવેલ અને જેનું સંચાલન પ્રદિપકુમાર રામપ્રસાદ ગુપ્તા ઉ. વ.૨૬ , રહે ,હોટલ મેટ્રો, વાપી, જી.વલસાડ , મુળ રહે, રૈપુરવા, જીલ્લો ચિત્રકુટ , ઉતરપ્રદેશ નાઓ કરે છે. જેની પુછપરછ કરતાં કવીશા સીક્યુરીટી ગાર્ડમાં સર્વિસીસ સિક્યુરીટીના માલિકનાઓ ગુજરાતમાં વગર લાયસન્સે સિક્યુરીટી ગાર્ડ ભરતી કરી ઈરકોન ઈન્ટરનેશનલ લિમિટેડ કેપનીમાં સીક્યુરીટી ગાર્ડસ ફાળવી પ્રાએવેટ સિક્યુરીટી એજન્સીઝ અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૪ માં જણાવેલ નિયમોનું ઉલ્લંઘન કરેલાનું જણાય આવેલ. જેથી કવીશા સીક્યુરીટી ગાર્ડ સર્વિસીસ સિક્યુરીટીના માલિકને વોન્ટેડ જાહેરા કરી સુપરવાઈઝ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ગણદેવી પો.સ્ટે. ખાતે સુપ્રત કરેલ છે.

spnavsariofficial | sp_navsari | (02637) 246303